# રક્ષાબંધન કાર્યક્રમ

અત્રેની બાગાયત મહાવિદ્યાલય અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંયુકત ઉપક્રમે તા. ૦૮/૦૮/૨૦૧૯ ના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, આણંદ કેન્દ્રથી બ્રહ્માકુમારી ચેતનાબેન, બ્રહ્માકુમારી ભાવિષાબેન, જગદીશભાઈ બ્રહ્માભટ્ટ, બારેવાડીયા તુલસીભાઈ તથા અન્ય આ સંસ્થાનાં સભ્યો હાજર રહેલા હતા. બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન, ડૉ. એચ. સી. પટેલ અને અન્ય સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં બાગાયત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ હાજર રહેલા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને ડીનશ્રી, ડૉ. એચ. સી. પટેલે સૌને આવકારી અને રક્ષાબંધન વિશે માર્ગદર્શન આપેલ હતું. બ્રહ્માકુમારી ચેતનાબેન ધ્વારા રક્ષાબંધનની ઉજવણી આધ્યાત્મિક રીતે કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન પુરૂ પાડેલ હતું. ત્યાર બાદ હાજર રહેલા તમામ કર્મચારીઓ, વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. અંતમાં ડૉ. એ. એચ. બારડ ધ્વારા સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરેલ હતો.














